1 આપણા દેશની રાષ્ટ્રીય વનનીતિ અનુસાર દેશની કુલ ભૂમિ ભાગના કેટલા વિસ્તારમાં જંગલો હોવા આવશ્યક છે ?

(A) 25 % (B) 33 %

(C) 50 % (D) 66 %

2 'અર્જુન' વૃક્ષની ઔષધીય ઉપયોગિતા શું છે ?

(A) વાત અને કફ દૂર કરે (B) હૃદય રોગની સારવાર

(C) ચામડી – દાંત – પેઢા ના રોગો માટે (D) શરદી – ઉધરસ – તાવ માટે

3 ભારતીય રીઝર્વ બેન્કનાં હાલનાં ગવર્નર કોણ છે ?

(A) શ્રી રઘુરાજન (B) શ્રી ઉર્જીત પટેલ

(C) શ્રી ડો. હસમુખ અઢીયા (D) શ્રી ડી.સી. બારાવ

4 કાકાસાહેબ કાલેલકરનું પુરૂં નામ જણાવો.

(A) લાભશંકર જાદવજી ઠાકર (B) કાનજીભાઇ રામસિંહ ભટ્ટ

(C) દતાત્રેય હરિકૃષ્ણ કાલેલકર (D) દતાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

5 'કાથો' કયા વૃક્ષના લાકડામાંથી મેળવવામાં આવે છે ?

(A) ખાખરો (B) ખેર

(C) કરંજ (D) સાદડ

6 'સૂંઠ' કયા છોડમાંથી બનાવવામાં આવે છે ?

(A) અશ્વગંધા (B) અરડૂસી

(C) આદુ (D) અઘેડો

7 ગુજરાત વિધાન સભાના હાલના અધ્યક્ષ કોણ છે ?

(A) શ્રી રમણલાલ વોરા (B) શ્રી ગણપત વસાવા

(C) શ્રી મંગુભાઇ વસાવા (D) શ્રી ઓ.પી. કોહલી

8 $\sqrt[3]{\sqrt{64}}$ = .............

(A) 1 (B) 2

(C) 4 (D) 8

9 'ત્રિફળા' ઔષધિમાં કયા વૃક્ષનું ફળ વપરાય છે ?

(A) આમળા (B) આદુ

(C) મીંઢી આવળ (D) પુવાડ

10 કઇ વનસ્પતિના બીજનાં તેલમાંથી 'બાયોડીઝલ' મેળવવામાં આવે છે ?

(A) ભીલાવા (B) બીલી

(C) રતનજોત (D) લીમડો

11 ઉચ્ચારની રીતે જુદો પડતો મુળાક્ષર કયો છે ?

(A) જ (B) ગ

(C) છ (D) ચ

12 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનકૃતિ ક્યા કવિની છે ?

(A) નરસિંહ મહેતા (B) કવિ દલપતરામ

(C) કવિ પ્રેમાનંદ (D) ન્હાનાલાલ

13 મરેલા પ્રાણીઓને સાચવવા માટે મસાલો ભરીને સાચવવાની પધ્ધતિને શું કહેવાય છે ?

(A) એપીકલ્ચર (B) ટેકસીડરમી

(C) સીલ્વીકલ્ચર (D) ટીસ્યુ કલ્ચર

14 'અળસીયા' નુ લીંગ જણાવો.

(A) સ્ત્રીલીંગ (B) પૂલીંગ

(C) ઉભય લીંગી (D) લીંગ સિવાયનુ

15 નીચેના શબ્દોને જોડણી કોષનાં ક્રમમાં ગોઠવતા કયો વિકલ્પ સાચો છે ?

કાદવ, કંચન, કંકુ, કમળ, ક્રમ

(A) ક્રમ, કમળ, કાદવ, કંકુ, કંચન (B) કમળ, કાદવ, કંચન, કંકુ, ક્રમ

(C) કમળ, કંકુ, કંચન, કાદવ, ક્રમ (D) કંચન, કંકુ, કમળ, કાદવ, ક્રમ

16 નીચેનામાંથી કઇ જોડ કોટીકોણની જોડ છે ?

(A) $110^0, 110^0$ (B) $110^0, 70^0$

(C) $64^0, 26^0$ (D) $170^0, 190^0$

17 કયું પ્રાણી જંગલના સફાઇ કામદાર તરીકે ઓળખાય છે ?

(A) વરું (B) જંગલી કૂતરા

(C) ઝરખ (D) ગીધ

18 વાંસનો સમાવેશ શામાં થાય છે ?

(A) વૃક્ષ (B) ઘાસ

(C) વેલો (D) ક્ષુપ

19 મૂકેશની માં રીટાના પિતાની એકમાત્ર પુત્રી છે. તો રીટાના પતિ મૂકેશના શું થાય ?

(A) કાકા (B) પિતા
(C) ભાઇ (D) દાદા

20 શરીરનો સુડોળ બાંધો – આ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) કદ (B) કાઠું
(C) માપ (D) કદાવર

21 પૃથ્વીને કુલ કેટલા કટિબંધોમાં વહેચવામાં આવેલ છે ?

(A) 3 (ત્રણ) (B) 4 (ચાર)
(C) 5 (પાંચ) (D) 6 (છ)

22 કયા સસ્તન પ્રાણીને ચાર ઢીંચણ હોય છે ?

(A) ગાય (B) હાથી
(C) ભેંસ (D) સાબર

23 તાજેતરમાં જેની ચર્ચા દેશભરમાં થઇ રહી છે તે 'GST' નું પૂરૂં નામ શું છે ?

(A) ગુજરાત સર્વિસ ટેક્સ (B) ગુડઝ સેલ્સ ટેક્સ
(C) ગુજરાત સ્ટાન્ડર્ડ ટાઇમ (D) ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ

24 રૂ.6000 નું 6 % ના દરે 3 માસનું વ્યાજમુદ્દલ શું થાય ?

(A) 90 (B) 1080
(C) 6090 (D) 7080

25 સિંહ જ્યારે એકથી વધારે સંખ્યામાં સમૂહમાં હોય તો તે સમૂહને શું કહેવાય ?

(A) પ્રાઇડ (B) ગ્રૂપ
(C) ક્લસ્ટર (D) માસ

26 ટાઇગોન (Tigon) શું છે ?

(A) સિંહ અને વાઘણ દ્વારા પેદા થયેલ પ્રાણી
(B) વાઘ અને માદા-દિપડા દ્વારા પેદા થયેલ પ્રાણી
(C) વાઘ અને સિંહણ દ્વારા પેદા થયેલ પ્રાણી
(D) દીપડા અને સિંહણ દ્વારા પેદા થયેલ પ્રાણી

27 ઘડિયાળમાં છ વાગ્યા છે. જો મિનિટ કાંટો ઈશાન દિશામાં હોય તો કલાક કાંટો કઇ દિશામાં હોય છે ?

(A) નૈઋત્ય (B) અગ્નિ

(C) વાયવ્ય (D) ઈશાન

28 સિંહણની આંખમાં અજબ પરિવર્તન ઝડપથી આવી રહ્યું હતું – ક્રિયાવિશેષણ શોધો.

(A) આંખમાં (B) અજબ

(C) ઝડપથી (D) પરિવર્તન

29 ક્યા ભારતીય પક્ષીને, પક્ષીઓના 'પોલીસ પટેલ' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ગરૂડ (B) કાળો કોશી

(C) સમડી (D) ઘુવડ

30 વિશ્વની સૌથી લાંબી નદી કઈ છે ?

(A) નાઈલ (B) ચાંગત્સે

(C) મિસિસિપી (D) એમેઝોન

31 સાચી જોડણી શોધો.

(A) સુષૂમ્ણા (B) ષુસૂમણા

(C) સુષુમણા (D) સૂષુમણા

32 $\left[\left(\frac{-1}{5}\right)^2\right]^4 \div \left(\frac{-1}{5}\right)^6 =$ ............

(A) $\left(\frac{-1}{5}\right)^{14}$ (B) $\frac{1}{25}$

(C) $-\frac{1}{25}$ (D) 25

33 પૃથ્વીની સપાટીને વીંટળાઈને આવેલા વાતાવરણના પ્રથમ આવરણનું નામ શું છે ?

(A) સમતાપાવરણ (B) આયનાવરણ

(C) મધ્યાવરણ (D) ક્ષોભાવરણ

34 ઘનાવરણ પૃથ્વી સપાટીનો કેટલા ટકા ભાગ રોકે છે ?

(A) 8 થી 16 % (B) 29 %

(C) 36 થી 42 % (D) 71 %

35 ક્યા અનુચ્છેદ પ્રમાણે જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુઓ-પક્ષીઓ આપણી સૌની સંપત્તિ છે ?

(A) અનુચ્છેદ 57 (બ)
(B) અનુચ્છેદ 50 (ક)
(C) અનુચ્છેદ 51 (ક)
(D) અનુચ્છેદ 47 (ડ)

36 'સુષ્મા' શબ્દની નીચેનામાંથી સાચી સંધિ કઈ છે ?

(A) સ + ઉષ્મા
(B) સ + ઊષ્મા
(C) સુ + ષમા
(D) સુ + સમા

37 કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે ?

(A) ઉત્તરપ્રદેશ
(B) છત્રીસગઢ
(C) મધ્યપ્રદેશ
(D) ઝારખંડ

38 ઇન્ટરનેશનલ યુનીયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) સંસ્થાની રેડ લીસ્ટ યાદીમાં ગુજરાતના સિંહને કઈ કક્ષામાં મૂકવામાં આવેલ છે ?

(A) ભયના આરે
(B) વિનાશના આરે
(C) ઓછા ભય હેઠળ પણ સંકટની નજીક
(D) પ્રતિકૂળ અસરપાત્ર

39 રાષ્ટ્રીય શિક્ષણદિન કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 5 સપ્ટેમ્બર
(B) 11 નવેમ્બર
(C) 2 ઓક્ટોબર
(D) 30 જાન્યુઆરી

40 એક શાળાના વાર્ષિકોત્સવમાં ગામના કુલ 2000 ગામજનોમાંથી 800 હાજર હોય તો હાજરી કેટલા ટકા કહેવાય ?

(A) 40 %
(B) 42 %
(C) 45 %
(D) 48 %

41 વનોના સંરક્ષણ-સંવર્ધન માટે વૈશ્વિક લોકજાગૃતિ લાવવાના હેતુથી કયા વર્ષને "વિશ્વ વન વર્ષ" તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું ?

(A) 2010
(B) 2011
(C) 2012
(D) 2013

42 "વિશ્વ ઓઝોન દિવસ" દર વર્ષે કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 16 ઓગષ્ટ
(B) 21 માર્ચ
(C) 16 સપ્ટેમ્બર
(D) 16 ઓક્ટોબર

43 'વંદે માતરમ્' ગીતના રચયિતા કોણ છે ?

(A) અવનીન્દ્રનાથ ટાગોર (B) ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર

(C) રવિન્દ્રનાથ ટાગોર (D) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

44 હાઇકુ કાવ્ય પ્રકારની સૌથી નોંધપાત્ર બાબત કઈ છે ?

(A) ચિંતનાત્મક્તા (B) ચિત્રાત્મક્તા

(C) સંવેદનશીલતા (D) ચરિત્રાત્મક્તા

45 વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ વાયુનું પ્રમાણ કેટલા ટકા છે ?

(A) 1.03 (B) 0.003

(C) 0.03 (D) 0.30

46 કેરળ રાજ્યમાં કયુ અભયારણ્ય આવેલ છે ?

(A) થેરીયાર (B) માનસ

(C) દચિગામ (D) મદુમલાઇ

47 પાણીમાં અંશતઃ ત્રાંસી ડૂબાડેલી પેન્સિલ વાંકી દેખાવાનું કારણ પ્રકાશનું ________ છે.

(A) વક્રીભવન (B) પરાવર્તન

(C) ધ્રુવીભવન (D) વિભાજન

48 $-\frac{1}{5}$ની વિરોધીની વ્યસ્ત સંખ્યામાં 4 ઉમેરતાં મળેલી સંખ્યાનું વર્ગમૂળ કેટલું થાય ?

(A) 7 (B) 3

(C) -9 (D) -3

49 કસ્તૂરી મૃગ કયા રાષ્ટ્રીય ઉદ્યાન / અભયારણ્યમાં જોવા મળે છે ?

(A) કોર્બેટ (B) કાઝીરંગા

(C) બાંદીપુર (D) દચિગામ

50 કુલ ભૌગૌલિક વિસ્તાર અને તે પૈકીનો વન વિસ્તાર ધ્યાને રાખતાં ટકાવારીની દૃષ્ટિએ કયા જિલ્લામાં વન વિસ્તારની ટકાવારી સૌથી વધુ છે ?

(A) ડાંગ (B) નર્મદા

(C) જુનાગઢ (D) તાપી

51 મધપૂડાની આડપેદાશ કઈ છે ?

(A) ગ્રીઝ (B) વિટામીન

(C) મીણ (D) શર્કરા

52 શાળાનો નવો ઓરડો <u>અષ્ટકોણીય</u> છે – રેખાંકિત શબ્દનો સમાસ ઓળખાવો.

(A) દ્વિગુ (B) દ્વન્દ્વ

(C) ઉપપદ (D) કર્મધારય

53 વર્ષ ૨૦૧૫ માં કયા સાંસ્કૃતિક વનમાં રાજ્ય કક્ષાના વન મહોત્સવન ઉજવણી થઇ હતી ?

(A) શક્તિ વન (B) જાનકી વન

(C) નાગેશ વન (D) વિરાસત વન

54 ગુજરાતમાં વધુ ગીચ વનાવરણ (Very dense forest cover) ધરાવતો કયો જિલ્લો છે ?

(A) ડાંગ (B) જુનાગઢ

(C) તાપી (D) નર્મદા

55 WHO નું વડુ મથક ક્યાં આવેલું છે ?

(A) ન્યૂયોર્ક (B) પેરીસ

(C) હેગ (D) જીનીવા

56 ચાર અંકની કુલ સંખ્યાઓ કેટલી છે ?

(A) 9999 (B) 9000

(C) 1000 (D) 9990

57 ભારતમાં ઉપગ્રહના ફોટાઓનો ઉપયોગ કરી વનાવરણની પરિસ્થિતિનો અભ્યાસ દર બે વર્ષે કઇ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) વન સંશોધન સંસ્થા (B) સર્વે ઓફ ઇન્ડિયા

(C) ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા (D) ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઇઝેશન

58 બે ભરતી કે બે ઓટ વચ્ચેનો સમયગાળો આશરે કેટલો હોય છે ?

(A) 11 કલાક અને 25 મિનિટ (B) 12 કલાક અને 05 મિનિટ

(C) 11 કલાક અને 35 મિનિટ (D) 12 કલાક અને 25 મિનીટ

59 ગ્રીનીચ ક્યા દેશમાં આવેલું છે ?

(A) ભારત (B) ઈંગ્લેન્ડ

(C) રશિયા (D) યુ.એસ.એ.

60 ઝીણી ઝીણી ઝબૂકે છે વીજ જો – પંક્તિમાં અલંકાર ઓળખાવો.

(A) વર્ણાનુપ્રાસ
(B) ઉત્પ્રેક્ષા
(C) અનન્વય
(D) શ્લેષ

61 પરવાળા (કોરલ) કયા અભયારણ્યમાં જોવા મળે છે ?

(A) નળસરોવર પક્ષી અભયારણ્ય
(B) દરિયાઇ અભયારણ્ય
(C) થોળ અભયારણ્ય
(D) નારાયણ સરોવાર અભયારણ્ય

62 ખડમોર પક્ષી કયા રાષ્ટ્રીય ઉદ્યાન/અભયારણ્યમાં જોવા મળે છે ?

(A) વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન
(B) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન
(C) નળસરોવર પક્ષી અભયારણ્ય
(D) થોળ અભયારણ્ય

63 ભારતના લશ્કરની ત્રણેય પાંખોના સર્વોચ્ચ સેનાપતિ કોણ હોય છે ?

(A) વડાપ્રધાન
(B) જનરલ
(C) રાષ્ટ્રપતિ
(D) સંરક્ષણ પ્રધાન

64 પાંચ અંકની મોટામાં મોટી સંખ્યા તથા છ અંકની નાનામાં નાની સંખ્યા વચ્ચેનો તફાવત કેટલો થાય ?

(A) 1
(B) 11111
(C) 11
(D) 89999

65 ભારતમાં કયા પ્રકારના જંગલોનું પ્રમાણ સૌથી વધુ છે ?

(A) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો
(B) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો
(C) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો
(D) ઉષ્ણ કટિબંધીય કાંટાળા જંગલો

66 ભારતના એકમાત્ર સક્રિય જ્વાળામુખીનું નામ શું છે ?

(A) બેરન
(B) નારકોન્ડમ
(C) એટોલ
(D) કોરોમંડલ

67 રીયો પેરાઓલેમ્પિકમાં ભાલાફેંકમાં સુવર્ણ ચંદ્રક વિજેતા કોણ છે ?

(A) સુનિલ કુમાર
(B) દેવેન્દ્ર ઝાંઝરિયા
(C) સાક્ષી મલિક
(D) પી.વી.સિંધું

68 'તદબીર' શબ્દનો અર્થ શો થાય ?

(A) યુક્તિ
(B) તસ્વીર
(C) મુક્તિ
(D) તકદીર

69 નીચેના પૈકીની કઇ વનસ્પતિ અપુષ્પ વનસ્પતિ છે ?

(A) નાગકેસર (B) વડ

(C) સીતાફળ (D) હંસરાજ

70 મેહાંગની વૃક્ષ કયા પ્રકારના જંગલોમાં જોવા મળે છે ?

(A) સમશીતોષ્ણ કટિબંધીય (B) ઉષ્ણ કટિબંધીય ખરાઉ (પાનખર)

(C) ઉષ્ણ કટિબંધીય વરસાદી (D) ભરતીના જંગલો (મેન્ગ્રુવ)

71 વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના 67મા જન્મદિવસે 30 સેકન્ડમાં કેટલા દિવાનું પ્રાગ્ટ્ય કરીને વિશ્વવિક્રમ બનાવવામાં આવ્યો ?

(A) 11,000 દિપ (B) 899 દિપ

(C) 998 દિપ (D) 989 દિપ

72 495 માં 4 ની સ્થાનકિંમત અને 4 ની અંક કિંમતનો તફાવત કેટલો થાય ?

(A) 400 (B) 491

(C) 360 (D) 396

73 લોહીના ઊંચા દબાણના રોગની સારવારમાં કઇ વનસ્પતિ ઉપયોગી છે ?

(A) અશ્વગંધા (B) સર્પગંધા

(C) ગળો (D) કરંજ

74 ચીડના વૃક્ષના રસમાંથી નીચેના પૈકી શું બનાવવામાં આવે છે ?

(A) ટર્પેન્ટાઇન (B) સાબુદાણા

(C) લાખ (D) નેતર

75 બિરજુ મહારાજ કયા નૃત્ય સાથે સંકળાયેલાં છે ?

(A) ભરત નાટ્યમ્ (B) કથ્થક

(C) મણીપુરી (D) કુચીપુડી

76 નિક્ષિતા મેડમે વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવ્યું – વાક્યમાં મુખ્ય કર્મ ક્યું છે ?

(A) શીખવ્યું (B) મેડમે

(C) વિદ્યાર્થીઓને (D) અંગ્રેજી

77 જંગલ વિષયક સંશોધન કરતી જંગલ સંશોધન સંસ્થા કયા સ્થળે આવેલ છે ?

(A) સિમલા (B) ત્રિવેન્દ્રમ

(C) દહેરાદૂન (D) અલમોડા

78 જૈવ વૈવિધ્યની દૃષ્ટિએ વિશ્વમાં ખૂબજ સમૃધ્ધ બૃહદ જૈવ વૈવિધ્ય ધરાવતા આઠ દેશોમાં ભારતનું સ્થાન કેટલામું છે ?

(A) પ્રથમ (B) ચતુર્થ

(C) આઠમું (D) છઠ્ઠું

79 'એડીસ' મચ્છરના કરડવાથી નીચે પૈકી ક્યો રોગ થાય છે ?

(A) મેલેરીયા (B) હાથીપગો

(C) ડેન્ગ્યૂ (D) ટાઈફોઈડ

80 8 પેનની વે.કિં. 12 પેનની મૂ.કિં. જેટલી રાખવામાં આવે, તો કેટલા ટકા નફો થાય ?

(A) 20 % (B) 25 %

(C) 50 % (D) 40 %

81 નીચેના પૈકીનું કયું પ્રાણી બ્રહ્મપુત્ર નદીના દલદલના ક્ષેત્રોમાં જોવા મળે છે ?

(A) એકશિંગી ભારતીય ગેંડા (B) ડુગોંગ

(C) ઓક્ટોપસ (D) કસ્તુરીમૃગ

82 પશુઓની સારવારમાં વપરાતી દવામાં કયા ઘટકને કારણે દુષિત થયેલ માંસ ખાવાથી ગીધ નામશેષ થવાના આરે છે ?

(A) ક્લોરોફ્લોરોકાર્બન (B) ડાયક્લોફીનેક (Diclofenac)

(C) પેરાસીટામોલ (Paracetamol) (D) રોગોર

83 ભારતીય અવકાશ અનુસંધાન કેન્દ્ર ક્યા નામે ઓળખાય છે ?

(A) આઈ.એસ.એસ. (B) ઈસરો

(C) અટીરા (D) આઈ.આર.એસ.

84 'ખાયા સો ખોયા, ખિલાયા સો પાયા' કહેવતનો અર્થ શો થાય ?

(A) ખાવુ, પીવું અને લ્હેરથી મોજમજા કરવી.

(B) ખાવાને બદલે ધનનો સંગ્રહ કરવો.

(C) જાતે ઉપભોગ ન કરતાં બીજાને ખવરાવીને રાજી થવું.

(D) કરકસરપૂર્વક જીવન જીવવું.

85 નીચે પૈકીનું કયું પક્ષી ગુજરાતનું રાજ્ય પક્ષી છે ?

(A) સુરખાબ (B) શ્યામગરૂડ

(C) મોર (D) ઘોરાડ

86 નિસ્પંદિત પાણીમાં કે તટસ્થ જલીય દ્રાવણમાં હાઇડ્રોજન આયનની સાંદ્રતા – pH કેટલી હોય છે ?

(A) 6 (B) 7

(C) 8 (D) 14

87 ગુજરાતમાં સૌથી પ્રથમ સુર્યોદય કયા જિલ્લામાં થાય છે ?

(A) દાહોદ (B) સાબરકાંઠા

(C) અરવલ્લી (D) છોટા ઉદેપુર

88 ત્રણ ભિન્ન અસમરેખ બિંદુઓમાંથી કેટલા વર્તુળ પસાર થાય ?

(A) ચાર (B) ત્રણ

(C) બે (D) એક

89 નીચે પૈકીના કયા સ્થાપત્યોમાં વનસ્પતિજન્ય રંગોનો ઉપયોગ થયેલો જોવા મળે છે ?

(A) અજંતા (B) શિવાલિક

(C) એલિફંટા (D) કોણાર્ક

90 ઝારખંડ રાજ્યાં આવેલા કયા વિસ્તારના પવિત્ર ઉપવનોની માલિકી સમાજની હોવાથી તે વનોને કોઇ સરકારી નિયમ કે કાયદો લાગુ પડતો નથી ?

(A) લિંગદોહ (B) ઓરન

(C) પલામુ (D) સરના

91 'ડેસિબલ' એકમનો ઉપયોગ શેની પ્રબળતા માપવા માટે થાય છે ?

(A) પવન (B) પ્રકાશ

(C) વિજળી (D) અવાજ

92 "અક્ષય લેશન કરે છે." સાદા વાક્યને પ્રેરક વાક્યમાં ફેરવતાં ક્યું વાક્ય બનશે ?

(A) અક્ષયથી લેશન કરાય છે. (B) અક્ષય લેશન કરાવશે.

(C) અક્ષય લેશન કરાવે છે. (D) અક્ષય લેશન કરશે.

93 જમીન વગર ખેતી કરવાની પધ્ધતિને શું કહે છે ?

(A) કિચન ગાર્ડન
(B) બરીડ સિંચાઇ
(C) હાઇડ્રોપોનિક્સ
(D) એપીકલ્ચર

94 જળઘોડી કયા વર્ગનું પ્રાણી છે ?

(A) સરીસૃપ
(B) સસ્તન
(C) ઉભયજીવી
(D) મત્સ્ય

95 સરોવર/તળાવ અને શહેર વચ્ચેનું ક્યું જોડકું ખોટું છે ?

(A) સૂરસાગર-વડોદરા
(B) રણમલ-જામનગર
(C) હમીરસર-અંજાર
(D) શર્મિષ્ઠા-વડનગર

96 $12 \div [15 - 4\{12 - (6 + 3)\}]$ કૌંસ છોડી સાદુ રૂપ આપો.

(A) 1
(B) 4
(C) 2
(D) 3

97 સૌથી મોટું અક્ષાંશ વૃત ક્યુ છે ?

(A) કર્ક વૃત્ત
(B) મકર વૃત્ત
(C) ધ્રુવ વૃત્ત
(D) વિષુવ વૃત્ત

98 રાત્રી દરમ્યાન જમીન વિસ્તારો પરથી સમુદ્ર વિસ્તારો તરફ વાતા પવનોને શું કહેવાય છે ?

(A) જમીનની લહેરો
(B) પાણીની લહેરો
(C) દરીયાઈ લહેરો
(D) મોસમી લહેરો

99 'સૌની' યોજનાનું પૂરૂ નામ શું છે ?

(A) સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઇરિગેશન યોજના
(B) સૌરાષ્ટ્ર નર્મદા અપલિફ્ટ ઇરિગેશન યોજના
(C) સૌરાષ્ટ્ર નહેર અવતરણ ઇરિગેશન યોજના
(D) સૌરાષ્ટ્ર નહેર અપલિફ્ટ ઇરિગેશન યોજના

100 એક જ વર્તુળના પરિઘ અને વ્યાસનો ગુણોતર કેટલો થાય ?

(A) $\frac{1}{\pi}$
(B) $\pi$
(C) $2\pi r$
(D) $\pi r^2$